## હરિની દષ્ટિ...
- હરિન ભટ્ટ




મેમ, તમે છો ? મને તો એમ કે કોરોનામાં...!!!

# રાજ્યમાં પેટ્રોલ-ડિઝલના ભાવ નહિ ઘટે, ટેક્સ સૌથી ઓછો છે : નીતિન પટેલ

### દસ દિવસથી દેશમાં પેટ્રોલ-ડિઝલનો ભાવ વધારો : રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ ભાવ વધારાનો બચાવ કર્યો, ચૂટંણી રેલીમાં કોરોનાની ગાઈડલાઈન્સના પાલનનો દાવો

ગાંધીનગર, તા. ૧૮

સમગ્ર દેશમાં હાલ પેટ્રોલ અને ડીઝલના ભાવ ભડકે બળી રહ્યા છે. લોકોને મોંઘવારીના મારનો સામનો કરવો પડી રહ્યો છે. ગુરુવારે દેશમાં સતત ૧૦માં દિવસે પેટ્રોલની કિંમતમાં વધારો નોંધાયો છે. એવામાં પેટ્રોલની વધી રહેલી કિંમતો પર રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પોતાની પ્રતિક્રિયા આપી છે. નીતિન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલ પર ટેક્સ સમગ્ર દેશમાં સૌથી ઓછો છે. આ ઉપરાંત તેમણે ચૂંટણીની રેલીઓમાં કોરોનાની ગાઈડલાઈન્સનું સંપૂર્ણ પાલન થઈ રહ્યું હોવાનો ઉલ્લેખ કર્યો હતો. ગુજરાતના નાયબ



મુખ્યમંત્રી નીતિન પટેલે પેટ્રોલ અને ડીઝલના વધી રહેલા ભાવ મુદ્દે જણાવ્યું હતું કે, ભારતમાં પેટ્રોલ-ડીઝલ પર સૌથી ઓછો ટેક્સ ગુજરાતમાં છે. ગુજરાતમાં ભાવ પણ ઓછો છે. આ સાથે જ તેમણે જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે બેરલની જે પહેલા ૫૦ ડોલર પ્રતિ બેરલ હતી તે વધીને હવે ૬૦થી પણ વધુ ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે. સ્વભાવે તેના કારણે ઈંધણની કિંમત પણ વધી છે. આ ઉપરાંત તેમણે કહ્યું કે, બજેટમાં કૃષિ સેસ નાખવામાં આવ્યો છે, જોકે તેની અસર લોકો પર ન આવવા દેતા સરકારે એક્સાઈઝ ડ્યુટી ઘટાડી દીધી છે અને કોરોના મહામારીમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારોની આવક ઘટી છે. પત્રકારો સમક્ષ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન નાયબ મુખ્યમંત્રીએ પીએમ મોદીના ભાષણનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ભારતમાં કુદરતી ઓઈલ મળવાનું પ્રમાણ ઓછું છે. ગઈકાલે જ માન્ય વડાપ્રધાનશ્રીએ જે માહિતી જાહેર કરી તે પ્રમાણે ૮૫ ટકા કરતા વધુ ક્રૂડ ઓઈલ આપણે વિદેશતી આયાત કરવું પડે છે. આવા સંજોગોમાં જે પહેલા બેરલની કિંમત ૫૧-૫૨ ડોલર હતી, જે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ભાવ વધારો થયો અને બેરલની કિંમત ૬૦ ડોલરથી પણ વધુ થઈ છે. એટલે સ્વાભાવિક છે કે એની કિંમતમાં વધારો થયો છે. આ સાથે જ નીતિન પટેલે આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવ ઝડપથી ઘટે જેથી દેશમાં પણ પેટ્રોલ-ડીઝલની કિંમત ઘટે તેવી આશા વ્યક્ત કરી હતી.

## ખૂણેખાંચરેથી

- જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા પ્રચાર વ્યવસ્થાપનની કામગીરીને વેગીલી બનાવી છે તેમજ ડોર ટુ ડોર સંપર્ક અભિયાન પણ શરૂ કર્યુ છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે કોરોનાના એક સરખા કેસ નોંધાયા છે. જોકે સતત ત્રીજે દિવસે પણ ૧૦ કેસ નોંધાયા છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વેક્સીનેશનના રાઉન્ડમાં ૪૭૫ જેટલા કોરોના વોરિયર્સે બીજો ડોઝ લીધો છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હજુ સુધી આચારસંહિતા ભંગની એક પણ ફરિયાદ નોંધાઈ નથી.
- ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધો. ૬ અને ૮ ના આજથી શરૂ થયેલા વર્ગોમાં ૫૦ ટકા બાળકોએ હાજરી આપી હતી.

# વૈષ્ણોદેવી સર્કલ પાસે ટેન્કરનું ટાયર ફરી વળતા શ્રમિકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર-સરખેજ હાઈ વે પર વૈષ્ણોદેવી સર્કલ નજીક ટેન્કર નીચે અચાનક આવી ગયેલા શ્રમિકનું કમકમાટીભર્યુ મૃત્યું નિપજયુ હતું. સર્કલ નજીક યુવક સાઈટ પર મજુરી કામ કરતો હતો. માર્ગ ક્રોસ કરતા સમયે અકસ્માત સર્જાયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઝાલોદના ધોળા ખાખરાનો વતની યુવક બાબુ લાલસીંગ ડામોર વૈષ્ણોદેવી સર્કલ પાસે દેવી પારિજાત સાઈટ પર મજુરી કામ કરતો હતો. બુધવારના રોજ રાત્રીના સમયે વૈષ્ણોદેવી સર્કલ નજીક માર્ગ ઓળંગતી વખતે જી.જે.૦૨.વાય-૬૯૯૦ નંબરના ટેન્કર ચાલકે યુવકને ટક્કર મારી હતી. આ બનાવમાં ટેન્કરનું ટાયર યુવકના માથા પર ફરી વળતા તેનું કમકમાટી ભર્યું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયુ હતું. ટેન્કર ચાલક અકસ્માત બાદ ટેન્કર મુકીને નાસી છુટ્યો હતો.બનાવ અંગે દિનેશ ગોરસિંગભાઈ ડામોરે ગુનો નોંધાવતા પોલીસે ટેન્કર ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



કોરોના કાળમાં ધંધા-રોજગારની માઠી બેઠી છે. વર્ષો જુના ધંધા-રોજગારને કોરોનાની અસર થઈ રહી છે. બે છેડા ભેગા કરવા માટે મધ્યમ અને ગરીબ પરીવારો આકરી મહેનત કરવી પડી રહી છે. અક્ષરધામ નજીક નાની દીકરી કિચન અને તોરણો વેચીને પોતાના પરિવારને આર્થિક મદદ કરતી નજરે ચઢે છે. ભણવાની અને રમવાની ઉંમરે નાની દીકરીની આ દશા ખરેખર દયા ઉપજાવે છે.

# ચિલોડા વિસ્તારમાં પ્રાથમિક શાળાઓ બાળકોના કલરવથી ગુંજી ઉઠી

ચિલોડા, તા. ૧૮

કોરોના મહામારીએ વિદ્યાર્થીઓ સંક્રમણના ભોગ ન બને તે માટે શાળાઓ બંધ રાખવાની ફરજ પડી હતી. જ્યારે ક્રમશઃ શાળાઓ ખોલવાનો નિર્ણય લેવાઈ રહ્યો છે. ત્યારે ૧૧મી જાન્યુ.થી ધો. ૧૦ અને ધો. ૧૨ ની શાળાઓના વર્ગો શરૂ કર્યા છે. ૧લી ફેબ્રુથી ધો. ૯ અને ધો. ૧૧ ના વર્ગો ખોલી દેવામાં આવ્યા છે. તબક્કાવાર રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ૧૮મી ગુરૂવારથી અપર પ્રાયમરી ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે શાળાનો શુભારંભ થઈ રહ્યો છે. ત્યારે ગાંધીનગર તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળાના અભ્યાસ કરતા ધો. ૬ થી ૮ ના



વિદ્યાર્થીઓને વાલીનુ સંમતિપત્ર સહિત, ફરજીયાત માસ્ક પહેરવુ, સાબુ અને સેનેટાઈઝરથી હાથ સાફ કરવા, સેનેટાઈઝેશન રૂમો, વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર ગનથી ચકાસણી, સોશિયલ ડિસ્ટન્સ સાથે ચુસ્ત સરકારી ગાઈડલાઈન પ્રમાણે પ્રત્યક્ષ શિક્ષણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રત્યક્ષ શિક્ષણના પ્રારંભથી શિક્ષકો, વાલીઓ તથા વિદ્યાર્થીઓમાં ૧૧ મહિના બાદ ખુશીનો માહોલ સર્જાયો છે.

# રાયપુર ગામ પાસે ડમ્પર-વેગન-આર કાર વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૧૮

દહેગામ-નરોડા માર્ગ પર રાયપુર ગામની સીમમાં ખારી નદીના પુલ પાસે વેગન-આર અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. તલોદનો પરિવાર દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે મહેમદાવાદ જઈ રહ્યો હતો તે સમયે અકસમાત નડ્યો હતો. જેમાં વેગન-આર કારના ચાલક અને એક મહિલાને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા હતા.જયારે બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ તલોદ નાગરીક બેંકમાં ફરજ બજાવતા જીગ્નેશભાઈ ગોપાલબાઈ પ્રજાપતિ (ઉં.૩૭) એ નોંધાવેલી ફરીયાદ મુજબ મહેમદાબાદ ખાતે પાન પાર્લરનું ઉદ્‌ઘાટન હોવાથી પરિવાર સાથે તેઓ પોતની કારમાં પરિવાર સાથે જઈ રહ્યા હતા. તે સમયે નરોડા દહેગામ માર્ગ પર રાયપુર ગામ નજીક અમારી આગળ જઈ રહેલ એક કારને ડમ્પર નં.જી.જે.૧૮.એ.યુ.-૯૬૫૯ ના ચાલકે ટક્કર મારી હતી ત્યારબાદ ફરીયાદીની કાર નં. જી.જે.૦૯.બી.બી.-૪૪૮૪ને પણ અડફેટે લીધી હતી. જેમાં કારના ચાલક અને ફરીયાદીના માતાને શરીરે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા નરોડા ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. જયાં ફરીયાદીને ડાબા હાથના બાવળાના ભાગે તેમજ તેઓની માતાને ડાબા હાથે કાંડાના ભાગે ફ્રેકચર હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે કારના ચાલકને પણ શરીરે ઈજાઓ પહોંચતા સારવાર કરાવી હતી. બનાવ અંગે ડમ્પર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## ચિલોડા ચહેર માતાજીના મંદિરે જન્મ દિવસની કેક કાપી ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા-ઈસનપુર રોડ પર આવેલ સુપ્રસિદ્ધ શ્રધ્ધાનું ધામ ગણાતુ શ્રી કેશર ભવાની ચેહર માતાજીના જન્મ દિવસને લઈને ભવ્ય કેક કાપી ધામધૂમથી ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ મંદિર ધામે ચિલોડાનો પ્રખ્યાત વિશાળ વડ આવેલો છે. ત્યારે રવિવારે અને મંગળવારે માતાજીના માઈ ભક્તો નિયમિત દર્શનાર્થે આવતા હોય છે. આ જન્મ દિવસની ઉજવણીમાં ગામના બાળકો, યુવાનો, ગ્રામજનો-ભજનમંડળીના સભ્યો સહિત રાત્રે ભજન સત્સંગનો કાર્યક્રમ યોજી કેક કાપી માના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# પોર ગામમાંથી વિદેશી દારૂની ૪૬૬ બોટલ પોલીસે પકડી પાડી

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર શહેરને અડીને આવેલા પોર ગામમાંથી વિદેશી દારૂની નાની ૪૬૬ બોટલ અડાલજ પોલીસે પકડી પાડી છે. પોલીસે સ્થળ પરથી બે એકસેસ, દારુ,મોબાઈલ ફોન સહિત એક શખ્સને પકડી પાડી કુલ ચાર શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પોર ગામે વિદેશી દારુનું વેચાણ થાય છે તેવી બાાતમી અડાલજ પોલીસને મળી હતી. જેથી પોલીસે પોર ગામે આવેલા કબ્રસ્તાન પાસે રેઈડ પાડી હતી.જેમાં એકસેસ પર બે થેલા લઈને બેઠેલા યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે નામ પુછતા અમદાવાદ કુબેરનગરનો રાહુલ પરેશભાઈ બારોટ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે યુવક પાસે રહેલા થેલા ચેક કરતા તેમાંથી ૧૮૦ એમએલની દારુની કુલ ૨૩૪ બોટલ મળી આવી હતી. પોલીસે દારુ અંગે વધુ પુછતાછ કરતા આરોપીએ પોર ગામનો સુશીલ ઠાકોર આપી ગયો હોવાનું જણાવ્યું હતું. જો કે પોલીસની રેઈડ દરમિયાન સુનિલ ઠાકોર અને વિજય બળદેવજી ઠાકોર નાસી છુટવામાં સફળ રહ્યા હતા. પોલીસે કબ્રસ્તાનની આસપાસ તપાસ કરતા અન્ય એકસેસ મળી આવ્યું હતું. તેમાં પણ બે રહેલા થેલામાંથી દારુની ૨૩૨ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૫૩,૫૯૦ ની કિંમતનો દારૂ, એક લાખની કિમતના બે એકસેસ, રૂ.૮ હજારના બે મોબાઈલ મળી કુલ રૂ.૧,૬૧,૫૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે ચાર શખ્સો સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



બ્રહ્માકુમારી વિદ્યાલય, સેકટર-૨૮ ખાતે નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

# ઈન્ડિયન લાયન્સ કલબના ચેરપર્સન તરીકે આશાબેન પંડયાની પુન : નિયુકિત

ગાંધીનગર તા ૧૮

ઈન્ડિયન લાયન્સની ૨૧ મી નેશનલ કોન્ફરન્સ ચોટીલામાં યોજવામાં આવી હતી ઈન્ડિયન



લાયન્સ કલબની ૨૧ મી નેશનલ કોન્ફરન્સનો ચેરપર્સન આશાબેન હિતેષભાઈ પંડયાના હસ્તે શુભારંભ કરાયો હતો.

રાજકોટ અને મોરબી ખાતે કાર્યરત કલબના હોદેદારોએ ૧૨૦ જેટલા મહાનુભાવોનુ સ્વાગત કર્યુ હતુ. રાજયમાં સેવાકીય પ્રવૃતિમાં આગવુ પ્રદાન ધરાવતી સંસ્થાના ચાલુ વર્ષના નેશનલ બોર્ડની આખરી બેઠક આ તબક્કે યોજવામાં આવી હતી. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨ માટે ચેરપર્સનની શપથવિધિ તથા નેશનલ કોન્ફરન્સના આયોજન માટે ઠરાવ પસાર કરાયો હતો. જયારે નેશનલ બોર્ડની બેઠકમાં સર્વાનુમતે આશાબેન પંડયાની નેશનલ ચેરપર્સન તરીકે નિમણુંક કરવામાં આવી હતી. આ તબક્કે આશાબેને પણ તેમની નવી ટીમ જાહેર કરી હતી. ત્યારબાદ ઈન્ડિયન લાયન્સ કલબના પુનઃ નિયુકત ચેરપર્સન થતા ટીમના સભ્યોનો શપથવિધિ સમારોહ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે નવનિયુકત ચેરમેન આશાબેને જણાંવ્યુ હતુ કે કોરોના જેવી વૈશ્વિક મહામારીના કપરા કાળમાં પણ આ કલબ સેવાના કાર્યો કરતી રહી છે. તે વાતનુ ગૌરવ છે.

જયારે આ માટે કલબના સિંહગજાના સભ્યોના જોરે કાર્યપ્રણાલી જીવંત રાખી શકાઈ છે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે સામુહિક કાર્ય અને એકતાથી કોઈપણ ઉંચાઈને આંબી શકાય છે દેશમાં ઈન્ડિયન લાયન્સનુ નામ ગુંજતુ થાય તે માટે સૌનો સાથ સહકાર જોઈશે. આત્મનિર્ભરતા અને સ્વદેશી ઈન્ડિયન લાયન્સની ગળથુથીમાં છે.

આ તબક્કે તેમણે કલબના સભ્યો તેમજ હોદેદારોને સ્વદેશીનો નારો વધુ બુલંદ કરવા માટે પણ હાકલ કરી હતી. આ કોન્ફરન્સમાં કલબના ચીફ પેટ્રોન હિતેશ પંડયા, ગુજરાત લાયોનેસ કલબના પ્રમુખ રેખાબેન ચેટર્જી, સેક્રેટરી કુંપલ દવે , જયોતિબેન પંચોલી, ભાર્ગવ દવે, કૌશિક ટાંક, વિજયાબેન કટારીયા, મૌલિકભાઈ ઓસિડિયા, વનરાજ ગરૈયા, ઈન્ડિયન લાયસન્સ કલબના ફાઉન્ડર કૌશિક બુમિયા સ્થાપક ટ્રસ્ટી યાસીનભાઈ રંગરેજ, વાઈસ ચેરમેન અક્ષય ઠક્કર , અજય ભટ્ટ, અંજનાબેન પટેલ , દર્શનાબેન ભટ્ટ સહીતના સભ્યો અને હોદેદારો હાજર રહ્યા હતા.




કોરોના કાળમાં શિક્ષણ વિભાગ દ્વારા તબક્કાવાર શાળાઓમાં વિવિધ વર્ગો શરૂ કરવામાં આવી રહ્યા છે. અગ્યિાર મહીનાના અંતે શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓની કોલાહલ ગુંજતી જોવા મળી રહી છે. જેમાં આજે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ધોરણના વર્ગો બાદ પ્રાથમિક ધો -૬ થી ૮ ના વર્ગો પણ શરૂ કરવામાં આવતા શિક્ષણ સંકુલોમાં અનોખી ચેતના જાગૃત થઈ હતી નગરની શાળાઓમાં વર્ગોની શરૂઆત સાથે પ્રથમ દિવસે જ વિદ્યાર્થીઓની ૫૦ ટકા હાજરી પુરાઈ હતી. સે-૮ સરકારી પ્રાથમિક શાળામાં પણ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી આ તબક્કે શાસનાધિકારી કિરણબેન પટેલે વિદ્યાર્થીઓને વેલકમ કર્યા હતા.

# ખાનગી સાઈટ પર વિદ્યાર્થીએ બુક વેચાણ માટે મુકતા ૪૬ હજાર ગુમાવ્યા

ગાંધીનગર, તા.૧૮

ભારતને ડીજીડલ ઈન્ડિયા બનવવા માટે વડાપ્રધાન રાત-દિવસ કામ કરી રહ્યા છે. મોટાભાગના નાગરીકો લાઈટબીલ, ગેસબીલ, પેટ્રોલ, ખરીદી સહિત જમવાના રૂપીયા પણ ઓનલાઈન ચુકવે છે. ત્યારે ટેકનોલોજીનો વ્યાપ વધતા દુનિયાભરની માહિતી માત્ર એક કલીક કરવાથી મેળવી શકાય છે. તો બીજીતરફ ઓનલાઈન છેતરપિંડીના ગુનાઓની સંખ્યા પણ દિવસે ને દિવસે વધી રહી છે. ઓએલએકસ પર રૂ.૨૭૦ માં બુક વેચાણ માટે મુકેલા વિદ્યાર્થીએ રૂ.૪૬ હજાર ગુમાવવાનો વારો આવ્યો છે. ઠગે યુવકના પિતાના પેટીએમ, એસબીઆઈ અને એચડીએફસી બેંક એકાઉન્ટમાંથી પાંચ ટ્રાન્જેકશન કરાવ્યા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અડાલજ ત્રિ-મંદિર સંકુલમાં સાનિધ્ય એપાર્ટમેન્ટ ખાતે રહેતા ૨૧ વર્ષિય પરમ ભરતભાઈ પટેલ (સેકટર-૩ એબી-એટીપીએલ)આઈસીટીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. ગત તા.૧૬ ફેબ્રુઆરીના રોજ યુવકે સવારે સાડા દશ વાગ્યાના અરસામાં ઓએલએકસ સાઈટ પર ડીજીટલ ફન્ડામેન્ટલ નામની બુક રૂ.૨૭૦ માં વેચાણ માટે મુકી હતી. ત્યારબાદ બપોરના બે વાગ્યાના અરસામાં યુવક પર ફોન આવ્યો હતો.જેમાં સામેવાળી વ્યકિતએ રીન્કુ બોલતો હોવાનું કહીને બુક લેવાની વાત કહી હતી. જેમાં સામેવાળી વ્યકિતએ ૨૫૦ રૂપીયા ટ્રાન્સફર કરશે અને પોતાનો દિકરો બુક લઈ જશે તેવી વાતચીત થઈ હતી. ત્યારબાદ ગઠીયાએ યુવકના વોટસએપ પર કયુઆર કોડ મોકલ્યો હતો. જે સ્કેન કરતા યુવકના એકાઉન્ટમાંથી રૂ.૫ કપાઈ ગયા હતા અને રૂ.૧૦ જમા થઈ ગયા હતા.ત્યારબાદ ગઠીયાએ ફરીવાર ક્યુઆર કોડ મોકલતા યુવકે દિકરાને પૈસા સાથે મોકલી બુક લઈ જવા માટે જણાવ્યું હતું. જેથી ગઠીયાએ પોતે આર્મીમાં આસામા ખાતે ફરજ બજાવતો હોવાથી દિકરા પાસે પૈસા ન હોવાનું જણાવ્યું હતું. જેથી યુવકે ક્યુઆર કોડ સ્કેન કરતા તેના પેટીએમમાંથી ૨ હજાર કપાઈ ગયા હતા. ત્યારબાદ ફરીવાર ગઠીયાએ મોકલેલ ક્યુઆર કોડ સ્કેન કરતા રૂ.૪ હજાર કપાઈ ગયા હતા.રૂપીયા પાછા ન આવતા હોવાનું કહીને યુવકે પિતાના એકાઉન્ટમાં રહેલા રકમનો ફોટો પાડીને મોકલ્યો હતો.જેથી ઠગે ક્યુઆર કોડની કરામત કરીને ટ્રાન્ઝેકશન ફેઈલ્ડ બતાવ્યું હતું. જેથી ગઠીયાએ ૫ હજારની એમાઉન્ટ લખી એડ એ નોટ માં પેમેન્ટ રીફન્ડ -૧૦ લખવાનું કહ્યું હતું. તે પ્રમાણે કરતા જ યુવકના પિતાના ખાતામાંથી અન્ય ૫ હજાર કપાઈ ગયા હતા. ફરીવાર એ જ પ્રમાણે કરવાનું કહેતા ફરીવાર એકાઉન્ટમાંથી રૂ.૧૦ હજાર જતા રહ્યા હતા. યુવકે રૂપીયા પરત માંગતા ગઠીયાએ ક્રેડીટ કાર્ડ કે ડેબિટ કાર્ડની માહિતી માંગી હતી. જેથી યુવકે પિતાના ડેબીટ કાર્ડનો ફોટો પાડી મોકલી આપતા સીવીસી નંબર પણ જતો રહ્યો હતો. તેમ છતા રૂપીયા પરત ન આવતા ગઠીયાએ ઈન્ટરનેટ બેકિંગની માહિતી આપવાનું જણાવ્યું હતું.